સંક્ષિપ્ત સમાચાર

મહુવાના શેખપુર ગામમાં ટ્રેક્ટરની રોટરી પડવાથી શ્રમિકનું મોત

અનાવલ: મહુવાના શેખપુર ગામના તાડ ફળિયામાં રહેતા ૪૩ વર્ષીય વિલાસભાઈ સુરજીભાઈ ચૌધરી ગત ૨૨ ઓક્ટોબરે સવારે ૧૦:૩૦ વાગ્યાના સુમારે ગામતળ ફળિયામાં આવેલા અનિલભાઈ વેલજીભાઈ સરવૈયાના ઈંટના ભઠ્ઠા પર કામ કરી રહ્યા હતા. દરમિયાન ટ્રેક્ટર સાથે જોડેલી રોટરી છોડતી વખતે તે અચાનક પડી જતાં વિલાસભાઈના ડાબા પગમાં ગંભીર ઈજા પહોંચી હતી. તેમને ત્વરિત સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ચાલુ સારવાર દરમિયાન ગત ૨૯ ઓક્ટોબરે સાંજ પાંચ વાગ્યાની આસપાસ ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. આ બનાવ અંગે પોલીસે દીક્ષિતકુમાર ચૌધરીની અકસ્માત મોત અંગેની જાહેરાત અન્વયે આગળની તપાસ હાથ ધરી છે.

કડોદરામાં બીમાર મળેલા અજાણ્યાનું મોત

પલસાણા: ગત ૨૬મી ઓક્ટોબરના રોજ સાંજે સાત વાગ્યાના અરસામાં કડોદરા ચાર રસ્તા પાસેથી એક અજાણ્યો પુરુષ અત્યંત બીમાર અને અર્ધબેભાન હાલતમાં મળી આવ્યો હતો. જેને ૧૦૮ એમ્બ્યુલન્સના ઈએમટી યોગેશ્વરી દ્વારા વધુ સારવાર અર્થે સુરતની સ્મીમેર હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં તેને ઈ-વોર્ડમાં દાખલ કરી સઘન સારવાર શરૂ કરવામાં આવી હતી. જોકે, ૨૯મી ઓક્ટોબરે ફરજ પરના તબીબ દીપિકાબેને યુવાનને મૃત જાહેર કર્યો હતો. આ બનાવ અંગે ઉધના પોલીસ મથકના પોલીસ કોન્સ્ટેબલ રાજકુમાર કાલુરામ દ્વારા જાણ કરવામાં આવતાં કડોદરા જી.આઈ.ડી.સી. પોલીસ મથકના પીએસઆઈ ડી.કે.ચૌધરીએ બીએનએસએસ કલમ ૧૯૪ મુજબ ગુનો દાખલ કરી કાર્યવાહી શરૂ કરી છે.

વડાપ્રધાનના પ્રવાસ પૂર્વે તાપીમાં આમ આદમી પાર્ટીના હોદ્દેદારો નજરકેદ

સોનગઢ: વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 31 ઓક્ટોબરના રોજ કેવડિયા પ્રવાસ પૂર્વે નિઝર વિધાનસભા વિસ્તારમાં સ્થાનિક પોલીસ દ્વારા વિપક્ષી નેતાઓ સામે કાર્યવાહી કરવામાં આવી છે. ઉચ્છલ પોલીસે ઉકાઈ તાલુકા પ્રમુખ માર્કુશભાઈ ગામીતને, નિઝર પોલીસે યુવા મોરચાના પ્રદેશ ઉપાધ્યક્ષ સાગરભાઈ વસાવાને અને કુકરમુંડા પોલીસે રવિભાઈ વસાવાને અટકાયતમાં લીધા છે. જ્યારે સોનગઢ પોલીસે પૂર્વ લોકસભા અધ્યક્ષ રૂસ્તમભાઈ ગામીતને પોલીસ મથકે બોલાવ્યા છે. વડાપ્રધાનના આગમન પહેલાં આમ આદમી પાર્ટીના ચુંટાયેલા અને સંગઠનના હોદ્દેદારો સામે કરાયેલી આ કાર્યવાહીથી સ્થાનિક રાજકારણમાં ગરમાવો આવ્યો છે.

મહુવરીયામાં વીજ કંપનીનો હેલ્પર દાઝયો

અનાવલ: મહુવરીયા ગામે પટેલ ફળિયામાં વીજ ટ્રાન્સફોર્મર બદલવાની કામગીરી ચાલુ હતી. દરમિયાન અચાનક સ્પાર્ક થઈ આગ લાગવાથી કોન્ટ્રાક્ટ હેઠળ હેલ્પર તરીકે કામ કરતા કૃણાલકુમાર હરેશભાઇ પટેલ (ઉં.વ.૨૨) (રહે.,વાછાવડ, નવું ફળિયું, તા.મહુવા) ગંભીર રીતે દાઝી ગયો હતો. તેને પ્રાથમિક સારવાર અર્થે વલવાડા સરકારી દવાખાને અને ત્યારબાદ વધુ સારવાર માટે ૧૦૮ મારફતે બારડોલી હોસ્પિટલ ખાતે દાખલ કરવામાં આવ્યો હતો.

બામણીયા ગામે બાઇક સ્લિપ થતાં એકનું મોત

અનાવલ: અંબિકા નદીના પુલ પાસે અનાવલ-મહુવા રોડ પર બામણીયા ગામની સીમમાં બગીચો નર્સરી પાસે અકસ્માતમાં એકનું મોત થયું હતું. ડોલવણના બેડારાયપુરા ગામના ગામતળ ફળિયાના વિપુલભાઈ કાળીદાસભાઈ નાયકા (ઉં.વ.33) પોતાની મોટરસાઈકલ નં.(GJ-26-H-9688) લઈ જઈ રહ્યા હતા. ત્યારે અચાનક સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવતાં વાહન સાથે રોડ પર પટકાયા હતા. આ અકસ્માતમાં તેમને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતાં તા.30મીએ સારવાર દરમિયાન તબીબે મૃત જાહેર કર્યા હતા.

અંકલેશ્વર GIDCમાં બંધ મકાનમાં ચોરી

અંકલેશ્વર: અંકલેશ્વર GIDCની અંજની હાઇટ્સ સોસાયટીમાં બંધ મકાનને નિશાન બનાવી તસ્કરોએ રૂ.૫.૯૫ લાખની મત્તાની ચોરી કરી છે. રિયલ એસ્ટેટ વ્યવસાયી વ્રજલાલ મેતલિયા પરિવાર સાથે બહાર ગયા હતા અને ઘરની ચાવી બુટના કબાટમાં છુપાવી હતી. એક અજાણ્યા શખ્સે CCTV ફૂટેજ મુજબ ચાવી મેળવી ઘરમાં પ્રવેશ કર્યો હતો. તેણે કબાટ તોડી રૂ.૪.૩૨ લાખની સોનાની લગડી, રૂ.૧.૪૩ લાખનો સોનાનો સિક્કો અને રૂ.૨૦ હજાર રોકડા મળી કુલ રૂ.૫.૯૫ લાખની ચોરી કરી ફરાર થયો હતો. પડોશીની જાણકારી બાદ GIDC પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

દિલ્હી-મુંબઈ હાઈવે પરથી દારૂ ઝડપાયો

ભરૂચ: ભરૂચ એલસીબી ટીમે દિવાળીના તહેવાર ટાણે દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ હાઈવે પર બાતમીના આધારે વોચ ગોઠવી મહારાષ્ટ્ર પાસિંગની સ્વિફ્ટ કારમાંથી રૂ.6,01,086નો વિદેશી દારૂ અને બિયરની 966 બોટલ ઝડપી પાડી છે. પોલીસે રાજસ્થાનના ગોવિંદ બિશ્નોઈની અટકાયત કરી છે, જ્યારે વિઠ્ઠલ બિશ્નોઈ ફરાર થયો છે. દારૂનો આ જથ્થો ચીખલીથી વડોદરા વેચાણ અર્થે લઈ જવાતો હતો. પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

વ્યારા સુગરના ખેડૂતો લડાયક મૂડમાં

મહુવા સુગરમાં જતી શેરડીની ગાડીઓ અટકાવી, ઓફિસને તાળાં માર્યાં

રૂ.7 કરોડની ચૂકવણી નહીં થાય ત્યાં સુધી મહુવા સુગરમાં શેરડી નહીં જવા દેવાની ખેડૂતોની ચીમકી

વ્યારા: વ્યારા સુગરના ખેડૂતો દ્વારા બાકી નાણાંની ચૂકવણીની માંગ સાથે છેલ્લા 29 દિવસથી કલેક્ટર કચેરી બહાર ચલાવવામાં આવી રહેલા ખેડૂત સત્યાગ્રહે હવે નવું સ્વરૂપ ધારણ કર્યું છે. આંદોલનકારી ખેડૂતોએ શુક્રવારે મહુવા સુગરમાં જતી શેરડી ભરેલી ગાડીઓ અટકાવી વિરોધ નોંધાવ્યો હતો. એટલું જ નહીં ખેડૂતોએ મહુવા સુગરની ઓફિસને પણ તાળાં મારી દેતાં સમગ્ર મામલે ચર્ચા જાગી છે.

ખેડૂત આગેવાનોના જણાવ્યા મુજબ મહુવા સુગરના ચેરમેન માનસિંહભાઈ પટેલ જ વ્યારા સુગરના પણ ચેરમેન છે. વ્યારા સુગરના ખેડૂતોના આશરે રૂ.7 કરોડ જેટલાં બાકી નાણાંની ચૂકવણી કરવામાં આવી નથી. આથી જ્યાં સુધી ખેડૂતોને તેમના હકનાં નાણાં પરત નહીં મળે ત્યાં સુધી તાપી જિલ્લામાંથી મહુવા સુગરમાં જતી શેરડીની ગાડીઓ અટકાવવામાં આવશે અને તેને આગળ જવા દેવામાં આવશે નહીં તેવી ચીમકી ઉચ્ચારવામાં આવી છે. અમારો વિરોધ કોઈ ખેડૂતની વિરુદ્ધમાં નથી, પરંતુ હજારો ખેડૂતોના હિત અને તેમના હકનાં નાણાં મેળવવા માટે આ લડત ચલાવવામાં આવી રહી છે.

તેથી અન્ય ખેડૂતો પણ આ આંદોલનમાં સહકાર આપે તેવી અપીલ કરવામાં આવી છે. વધુમાં ખેડૂતોએ તાપી જિલ્લાના શેરડી પકવતા ખેડૂતોને અપીલ કરી હતી કે તેઓ પોતાની શેરડી મહુવા સુગરને બદલે બારડોલી સુગર, કરજણ સુગર સહિતની અન્ય સુગર મિલોમાં મોકલે અને વ્યારા સુગરના ખેડૂતોની લડતને સમર્થન આપે.

છેલ્લા 29 દિવસથી શાંતિપૂર્ણ રીતે ધરણાં કરી રહેલા ખેડૂતો દ્વારા હવે આંદોલનનું સ્વરૂપ બદલવામાં આવતાં આગામી દિવસોમાં આ લડત કેવો વળાંક લેશે અને ખેડૂતોનાં બાકી નાણાંની ચૂકવણી અંગે જવાબદાર સંચાલકો શું નિર્ણય લે છે તેના પર સૌની નજર મંડાઈ છે.

ખેડૂતોની આ સમસ્યા છે

- » વ્યારા સુગરના ખેડૂતોના આશરે રૂ.7 કરોડ બાકી
- » 29 દિવસથી કલેક્ટર કચેરી બહાર ધરણાં
- » મહુવા સુગરમાં જતી શેરડીની ગાડીઓ અટકાવવાનો નિર્ણય
- » બારડોલી, કરજણ સહિતની અન્ય સુગર મિલોમાં શેરડી મોકલવા અપીલ
- » બાકી નાણાંની ચૂકવણી ન થાય ત્યાં સુધી આંદોલન ચાલુ રાખવાની ચીમકી

કીમ નદીમાં મિત્ર સાથે નાહવા પડેલો યુવાન નાળામાં ફસાયો

મોટા બોરસરા નજીકની ઘટના, ગ્રામજનોએ યુવાનને બચાવી લીધો

ઈબ્રાહીમ કાનુ

હથોડા: મોટા બોરસરા નજીકથી પસાર થતી કીમ નદીમાં શુક્રવારે નાહવા માટે પડેલા બે યુવાન પૈકી એક યુવાન નદીના નાળામાં ફસાઈ ગયો હતો. આ બાબતે બૂમો પાડતા દોડી આવેલા ગામના કેટલાક યુવાનોએ નાળામાં ફસાયેલા યુવાનને સહી સલામત રીતે બહાર કાઢી જીવ બચાવ્યો હતો.

ઘટનાની વિગત એવી છે કે, મોટા બોરસરા ગામની ભાગોળેથી પસાર થતી કીમ નદીમાં શુક્રવારે અગિયારેક વાગ્યાના સમયે ગામના બે યુવાન નાહવા પડ્યા હતા. પાણીના વહેણમાં ખેંચાઈને નદીના એક મોટા નાળામાં ફસાઈ ગયા હતા. એક યુવાન યેનકેન પ્રકારે નાળામાંથી બહાર નીકળી ગયો હતો. જ્યારે બીજો યુવાન નાળામાં ફસાઈ ગયો હતો. નાળામાંથી બહાર નીકળી ગયેલા યુવાને બૂમો પાડતાં ગામલોકો ભેગા થયા હતા. અને કેટલાક તરવૈયા યુવાનોએ પાણીના વહેણમાં ઝંપલાવી ફસાઈ ગયેલા યુવાનને સહી સલામત રીતે બહાર કાઢ્યો હતો.

અટોદરામાં દીવાલ સાથે મોપેડ અથડાતાં બબાલ

સાયણ: અટોદરા ગામ સ્થિત વાયબ્રન્ટ ઈકો પાર્ક સોસાયટીમાં મોપેડ ઘરની દીવાલ સાથે અથડાવવાના મુદ્દે પંજાબી અને યુ.પી.ના બે પરિવારો વચ્ચે હિંસક અથડામણ સર્જાઈ હતી. મોપેડ શીખવતી વખતે દીવાલ સાથે અથડાતાં શરૂ થયેલી બોલાચાલીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું. આ મામલે પંજાબી પરિવારના અજીતસિંગ, ગુરમુખસિંગ, ગુરદીપસિંગ અને જગદીશ કૌરે લોખંડની પાઈપ તથા લાકડાના ફટકાથી હુમલો કરી યુ.પી. પરિવારના દીપક યાદવ, તેના સાળા અજીતસિંઘ અને પત્ની શિવાનીને ગંભીર ઈજા પહોંચાડી હતી. ઈજાગ્રસ્તોને સારવાર અર્થે સુરતની સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયા છે. આ ઘટનામાં બંને પક્ષોએ એકબીજા સામે જાનથી મારી નાંખવાની ધમકી અને મારામારીની સામી ફરિયાદો નોંધાવતાં ઓલપાડ પોલીસે તપાસ હાથ ધરી છે.

ભરૂચમાં મેનેજરનો રૂ.30 હજારનો મોબાઈલ ચોરાયો

ભરૂચ: ભરૂચના સિફા ત્રણ રસ્તા પાસે આવેલ 'નસીબ ટ્રેડર્સ' દુકાનમાં દિવાળી ટાણે ચોરીની ઘટના બની છે. L|T કંપનીના આસિસ્ટન્ટ કન્સ્ટ્રક્શન મેનેજર રવિન્દ્ર યાદવ (ફ્લેટ નં.305, લબીક NRI વિલા, અહેમદનગર-2, મનુબર રોડ, ભરૂચ) પોતાના મિત્ર સાથે ઘરવખરીનો સામાન ખરીદવા ગયા હતા, ત્યારે કોઈ અજાણ્યા ઈસમે તેમના પેન્ટના ખિસ્સામાંથી 30,000ની કિંમતનો મોબાઈલ સેરવી લીધો હતો. દુકાનનાં CCTV ફૂટેજ તપાસતા મોબાઈલ ચોરી થયો હોવાનું સામે આવ્યું હતું. આ મામલે પોલીસે ગુનો નોંધી તપાસ આદરી છે.

સોનગઢ માંડલ ટોલનાકા પાસે મકાઈની આડમાં દારૂની હેરાફેરી

રૂ.૩૪.૫૮ લાખના વિદેશી દારૂ સાથે ડ્રાઇવર ઝડપાયો

દારૂનો જથ્થો ભરાવનાર સહિત બે વોન્ટેડ

સોનગઢ: સોનગઢ વિસ્તારમાં લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે બાતમીના આધારે માંડલ ટોલનાકા પાસે વોચ ગોઠવીને નેશનલ હાઈવે પરથી મકાઈના કોથળાની આડમાં વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે.

મહારાષ્ટ્ર તરફથી આવતી ૧૨ વ્હીલ ટ્રકની તલાશી લેતાં તેમાંથી મકાઈના કોથળા નીચે છુપાવેલા વિદેશી દારૂ અને બિયરનાં બોક્સ મળી આવ્યાં હતાં. પોલીસે વિવિધ બ્રાન્ડની કુલ ૧૦,૯૦૮ બોટલ/ટીન (કુલ કિં.રૂ.૩૪,૫૮,૮૩૨) જપ્ત કર્યા છે. આ કાર્યવાહીમાં ટ્રક, મકાઈના કોથળા, મોબાઈલ અને દારૂ સહિત કુલ રૂ.૪૩,૦૦,૫૮૨નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. ઘટના સ્થળેથી ટ્રકચાલક મંથનભાઈ નરશીભાઈ ફળદુ (રહે.,માણાવદર, જૂનાગઢ) ની ધરપકડ કરવામાં આવી છે. પ્રાથમિક પૂછપરછમાં આ જથ્થો ભરાવનાર ટ્રક માલિક નરેન્દ્રભાઈ નારણભાઈ મોરી અને નવાપુરથી ટ્રક આપનાર અજાણ્યા ડ્રાઈવરને વોન્ટેડ જાહેર કરી પોલીસે પ્રોહિબિશન એક્ટ અંગે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ભરૂચ પાલિકાની સામાન્ય સભામાં 24 એજન્ડા સર્વાનુમતે મંજૂર

વિપક્ષના આક્ષેપો વચ્ચે બેઠક શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થઈ

ભરૂચ: ભરૂચ નગરપાલિકાએ દિવાળી પહેલાં સામાન્ય સભા પ્રમુખ દેવેન્દ્રસિંહ વસાવાના અધ્યક્ષ સ્થાને પાલિકાના સભાખંડમાં યોજાઈ હતી. આ સભામાં 24 એજન્ડા પર ચર્ચા બાદ સર્વાનુમતે મંજૂરીની મહોર મારવામાં આવી હતી. બેઠકની શરૂઆતમાં રાષ્ટ્રગીત, અગાઉની સભાની મિનિટ્સ અને ત્રિમાસિક હિસાબના મુદ્દે શાસક પક્ષ અને વિપક્ષના સભ્યો વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. ત્યારબાદ પાલિકા વિસ્તારના વિકાસ અને જન સુવિધા સંબંધિત એજન્ડા પર ચર્ચા થઈ હતી.

પૂર્વ વિપક્ષી નેતા સમશાદઅલી સૈયદે ડોર ટુ ડોર કચરા કલેક્શનની કામગીરીમાં ભ્રષ્ટાચારના આક્ષેપ કર્યા હતા. તેમણે 14મા નાણાપંચની ગ્રાન્ટ અને અગાઉની ટર્મમાં રચાયેલી તપાસ સમિતિની કામગીરી અંગે પણ સવાલો ઉઠાવ્યા હતા. શહેરની પીળી પડી ગયેલી સ્ટ્રીટ લાઇટ સહિતના પ્રશ્નો પણ તેમણે રજૂ કર્યા હતા અને આ મુદ્દાઓ પર શાસક પક્ષને સવાલ કર્યા હતા.

નગરપાલિકા પ્રમુખ દેવેન્દ્રસિંહ વસાવાએ જણાવ્યું કે, સભામાં રજૂ કરાયેલા તમામ 24 એજન્ડાને બહુમતીના સમર્થનથી મંજૂરી મળી છે.

તેમણે દિવાળી પહેલાં શહેરમાં રોડ પેચવર્ક અને સ્ટ્રીટ લાઇટ સહિતનાં જનહિતનાં કામો હાથ ધરવાની વાત કરી હતી. વધુમાં વસાવાએ દાવો કર્યો હતો કે વિપક્ષે કલમ 256 હેઠળ કરેલી કાર્યવાહી અંગે ઠપકો મળ્યો છે. રાષ્ટ્રગીત અને વહીવટી મુદ્દાઓ પર બોલાચાલી તથા આક્ષેપો વચ્ચે સભા અંતે શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થઈ હતી.

પ્રતિન બ્રિજ તૂટ્યા બાદ કટ બંધ

ગ્રામજનો અને વાહનચાલકોને ભારે હાલાકી

ભરૂચ: અંકલેશ્વર ખાતે પ્રતિન બ્રિજ તૂટી પડતાં તેને બંધ કરવામાં આવ્યો છે, જેના કારણે અંકલેશ્વર શહેર અને GIDC વિસ્તારમાં અવરજવર માટે ભારે હાલાકી ઊભી થઈ છે. બંને છેડે જવા માટે અંકલેશ્વર પાસે NH-48 પર મોટાલી અને સારંગપુર ગામ પાસે આવેલો કટ પણ આખરે બંધ કરી દેવાતાં લોકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

કટ બંધ કરવામાં આવતાં બંને છેડે પ્રવેશ માટે વાહનચાલકો અને ગ્રામજનોને અવરજવરમાં ભારે તકલીફ પડી રહી છે. ગ્રામજનો અને વાહનચાલકોએ વૈકલ્પિક વ્યવસ્થા કરવાની માંગ કરી છે. કટ બંધ થતાં ગ્રામજનોએ હાઈવે પાર કરવા માટે દોડતાં વાહનો વચ્ચે રસ્તો ઓળંગવો પડે છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ હાઈવે પરથી મોટાં વાહનો પણ પસાર થાય છે, જેના કારણે અકસ્માતની આશંકા ઊભી થઈ છે. સમસ્યાના ઉકેલ માટે ગ્રામજનોએ વૈકલ્પિક માર્ગની વ્યવસ્થા કરવાની માંગ કરી છે. આ અંગે રાજ્ય અને જિલ્લા કક્ષાના સ્વાગત કાર્યક્રમમાં અરજીઓ કરીને તંત્રનું ધ્યાન દોર્યું હોવાનું તેમણે જણાવ્યું છે. ગ્રામજનોની માંગ છે કે સંબંધિત તંત્ર સ્થળની સ્થિતિ તપાસે અને લોકોની અવરજવર માટે ઓવરબ્રિજ અથવા અંડરપાસ બનાવે, જેથી લોકોને સુરક્ષિત અને સુગમ રીતે આવ-જા કરી શકાય.

Milano MULTIPLEX
બારડોલી
Rajni The Jailer 2
10:00am, 01:00pm, 04:00pm, 07:00pm, 10:00pm
Udta Teer
12:00pm, 03:00pm, 06:00pm, 09:00pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333

સંક્ષિપ્ત સમાચાર

અનાવલ હાઇસ્કૂલના શિક્ષકને નિવૃત્ત વિદાયમાન

સલીમ દિવાન

ભોરિયા: અનાવલની શ્રી કે.એલ. પટેલ સાર્વજનિક હાઈસ્કૂલમાં વયમર્યાદાના કારણે નિવૃત્ત થતા શાળાના અંગ્રેજી વિષયના શિક્ષક અનિલભાઈનો વિદાય સમારંભ યોજાયો હતો. મંડળના પ્રમુખ વિપુલભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને યોજાયેલા આ સમારંભમાં ટ્રસ્ટ પરિવારના સભ્યો, ભૂતપૂર્વ શિક્ષકો, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, વાલીઓ તેમજ શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોએ અનિલભાઈના શૈક્ષણિક યોગદાન, શિક્ષણ પ્રત્યેની નિષ્ઠા, વિદ્યાર્થીઓ પ્રત્યેના સ્નેહ અને શાળાના વિકાસમાં આપેલા અમૂલ્ય યોગદાનને યાદ કરી તેમના કાર્યકાળની પ્રશંસા કરી હતી. શાળાના આચાર્ય ભૂપેન્દ્રભાઈ ચૌધરીએ ઉપસ્થિત મહેમાનોનું સ્વાગત કર્યું હતું. અંતે જયેશભાઈ પટેલે આભારવિધિ કરી સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.

ઉમરાખ કોલેજનાં પ્રધ્યાપિકા પીએચ.ડી. થયાં

બારડોલી: વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત દ્વારા સુચિતા ચૌહાણને મેનેજમેન્ટ વિષયમાં Ph.D.ની પદવી એનાયત કરવામાં આવી છે. તેમણે "A Study to Measure Work Life Balance of Female Academicians of South Gujarat Region" વિષય પર સંશોધન પૂર્ણ કર્યું છે. આ સંશોધન કાર્યમાં તેમને માર્ગદર્શક તરીકે ડો.પાયલ મહીડાનું માર્ગદર્શન પ્રાપ્ત થયું હતું. તેઓ વિદ્યાભારતી ટ્રસ્ટ કોલેજ ઓફ બિઝનેસ, કમ્પ્યુટર સાયન્સ એન્ડ રિસર્ચ, ઉમરાખ સાથે સંકળાયેલાં છે. આ પ્રસંગે કોલેજ પરિવાર, પરિવારજનો, મિત્રો અને સહકર્મીઓએ ડો. સુચિતા ચૌહાણને હાર્દિક શુભેચ્છા પાઠવી છે.

કોસંબામાં પીએમ કિસાન ઉત્સવ કાર્યક્રમ

ઈબ્રાહીમ કાનુ

હથોડા: માંગરોળ તાલુકા ખાતે શનિવારે પીએમ કિસાન દિવસના કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી હતી. કોસંબા ગ્રામ પંચાયત કચેરીના પ્રાંગણમાં યોજાયેલા કાર્યક્રમમાં તરસાડી અને કોસંબા વિસ્તારના ખેડૂતો મોટી માત્રામાં હાજર રહ્યા હતા. હાજર રહેલા ખેડૂતોએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને વર્ચ્યુઅલ માધ્યમથી રાષ્ટ્રીય સ્તરનો કાર્યક્રમ નિહાળ્યો હતો. કાર્યક્રમમાં ખેડૂતોનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કોસંબા પંચાયતના હોદ્દેદારો. સભ્યો તેમજ મોટી માત્રામાં ગ્રામજનો હાજર રહ્યા હતા.

બારડોલીમાં રોમન થિમ આધારિત હેરિટેજ ડિવાઈડરનું નિર્માણ કરાયું

બારડોલી: લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની કર્મભૂમિ બારડોલી માં નગરપાલિકા દ્વારા શહેરની સુંદરતા વધારવા અને ઐતિહાસિક વારસાને ઉજાગર કરવા માટે એક અનોખો વિકાસ પ્રોજેક્ટ સાકાર કરવામાં આવ્યો છે. રાજ્યની મોટી મહાનગરપાલિકાઓને પણ પાછળ રાખી દે તેવું અત્યાધુનિક 'રોમન થિમ' આધારિત હેરિટેજ ડિવાઈડર બારડોલીમાં તૈયાર કરવામાં આવ્યું છે. આ નવા હેરિટેજ ડિવાઈડરમાં આકર્ષક પોલ અને વિશેષ ડિઝાઇનવાળી ગ્રીલ બેસાડવામાં આવી છે જે શહેરની રોનકમાં અનેકગણો વધારો કરે છે.

બારડોલીના કેદારેશ્વર મંદિરે પ્રજાપતિ સમાજનો ગરબા મહોત્સવ યોજાયો

બારડોલી: બારડોલી સ્થિત કેદારેશ્વર મંદિર ખાતે સુરત-તાપી જિલ્લા પ્રજાપતિ સમાજ દ્વારા એક ગરબા મહોત્સવનું સુંદર આયોજન કરાયું હતું. આ મહોત્સવમાં કુલ ૨૮ ગામની ટીમોએ ઉત્સાહભેર ભાગ લઈ કાર્યક્રમને શોભાવ્યો હતો. આ વિશેષ પ્રસંગે સુરત જિલ્લા પંચાયતના પ્રમુખ સમીરભાઈ મોદી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતે પ્રજાપતિ સમાજ દ્વારા આ મહોત્સવને સફળ બનાવવા માટે આર્થિક યોગદાન આપનાર તમામ દાતાઓ, જાહેરાત આપનારાઓ અને ઉત્સાહભેર ભાગ લેનાર તમામ સહભાગીઓનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

અરેઠ તાલુકામાં પીએમ કિસાન ઉત્સવ દિવસની ઉજવણી

માંડવી: પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના હેઠળ ખેડૂતોને મળતા લાભ અંગે જાગૃતિ ફેલાવવા અને યોજનાનો ૨૪મો હપ્તો જારી કરવાના અવસરે અરેઠ તાલુકામાં 'પીએમ કિસાન ઉત્સવ દિવસ' અંતર્ગત વિવિધ સ્થળોએ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. ઝાબ, કેવડિયા, તડકેશ્વર અને નૌગામા ખાતે યોજાયેલા કાર્યક્રમોમાં મોટી સંખ્યામાં ખેડૂતો, ગ્રામજનો, સ્થાનિક પદાધિકારીઓ અને અધિકારીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

વેચાણ અંગેની જાહેર નોટીસ

ભરૂચ ડિસ્ટ્રીકટ, હાંસોટ સબ-ડિસ્ટ્રીકટના **મોજે ગામ અલવાના જુનો બ્લોક નં. ૬૩, નવો બ્લોક નં. ૨૯** વાળી જુની શરતની ખેતીની જમીન, જેનું ક્ષેત્રફળ હે.આરે. ૪-૨૯-૨૩ ચો.મી. યાને ૪૨૯૨૩ ચો.મી. વાળી ખેતીની જમીન **૧. શરદભાઈ કાંતિલાલ, ૨. વર્ષાબેન મહેશકુમાર, ૩. હિમાંશુકુમાર મહેશકુમાર, ૪. ઉન્નતીબેન મહેશકુમાર, ૫. જીજ્ઞાબેન મહેશકુમાર**ના નામે ચાલી આવેલ છે. તેઓ સદરહું જમીનના સંયુકત અને સંપુર્ણ માલીક તથા પ્રત્યક્ષ કબજેદાર હોવાનું અને સદરહું જમીન ચોખ્ખા અને માર્કેટેબલ ટાઈટલવાળી હોવાનું જણાવી, અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે. જેથી સદરહું જમીનમાં કોઈપણ વ્યકિત, ઈસમ કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો કે લાગ-ભાગ, દર-દાવો કે લીયન/ચાર્જ કે ગીરો/મોર્ગેજ/ભેટ/વારસાઈ હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી **દિન-૭(સાત)** માં તે બાબતના મુળ (ઓરીજનલ) પુરાવા/રેકોર્ડસ સહિત અમોને નીચેના સરનામે લેખીત જાણ કરવી અને તેમ કરવામાં કસુર થશે તો સદરહું જમીનમાં અમારા અસીલ સિવાય અન્ય કોઈપણ વ્યકિત, ઈસમ કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો કે લાગ-ભાગ, દર-દાવો, લીયન/ચાર્જ, ગીરો/મોર્ગેજ/ભેટ/વારસાઈ નથી અને જો હોય તો તે આ નોટીસમાં આપેલ મુદતમાં લેખીત વાંધો ન ઉપાડીને જતા કરેલા છે એમ માનીને સદરહું જમીનનો કિંમતી વેચાણ અવેજ ચુકવી વેચાણ દસ્તાવેજ તથા અન્ય કાયદેસરના લખાણો ઉપરોકત જમીનના માલીકો પાસેથી કરાવી લેશે. ત્યારબાદ, કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર ચાલશે નહી. જેની આથી લાગતાં-વળગતાં તેમજ જાહેર જનતાએ નોંધ લેવી.

સ્થળ : સુરત (તા.૩૧/૧૦/૨૦૨૬)
સરનામું : એ-૨, મેરૂલક્ષ્મી એપાર્ટમેન્ટ, લવ એન કેર હોસ્પિટલ પાસે, તાડવાડી, રાંદેર સુરત. મો. ૯૦૧૬૨ ૩૪૦૦૪.

નીતીન જે. ગોરસીયા
તે અસીલના એડવોકેટ